Issue No. : 1 | July Month

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# ROYAL RESONANCE

Club No. 82068 | RI District 3060 | Charter Date: 22nd April 2009

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

- **Rtn. Francesco Arezzo** – Rotary International President
- **Rtn. Amardeep Singh Bunet** – District Governor
- **Rtn. Dr. S. A. Chauhan** – President
- **Rtn. Nirav Doshi** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design




Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.

Phone : 9879 00 2192, 9825 46 6969 ■ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

# Rotary

# THE 4 WAY TEST

## The 4-way test of the things we think, say or do

1. Is it the TRUTH ?
2. Is it FAIR to all concerned ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all concerned?

## जो हम सोचते है, कहते हैं, करते हैं, उनकी चतुर्मुखी कसौटी

१. क्या यह सत्य है ?
२. क्या यह सभी संबंधित के लिए उचित है ?
३. क्या यह सद्‌भावना, भाईचारा और मित्रता बढाती हैं ?
४. क्या यह सभी संबंधित के लिए लाभदायक है ?

## આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ, કે કરીએ છીએ, તેની ચતુર્વિધ કસૌટી

૧. શું તે સત્ય છે ?
૨. શું તે બધા સંબંધિત માટે ઉચિત છે ?
૩. શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે ?
૪. શું તે બધા સંબંધિત માટે લાભદાયી છે ?

Rotary PEOPLE OF ACTION

DISEASE PREVENTION AND TREATMENT

# કિશોરીઓની કેર

## ટી.બી. જૈન સ્કુલ

તા ૨ ઑગસ્ટ ને શનિવારે શહેર ની ખ્યાતનામ T.B. JAIN GIRLS સ્કુલ ખાતે વિધાર્થિનીઓ માટે એક તદ્દન અલગ અને રસપ્રદ સેમીનાર નું આયોજન રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિધાર્થિનીઓ ની કિશોરાવસ્થા ને ધ્યાન માં રાખી, Menstrual Hygiene અને ગર્ભાશય ના કેન્સર ના વેક્સીનેશન નું મહત્વ તથા માસિકધર્મ દરમિયાન ખોરાક અંગે ની માહિતી આપતા  આ પ્રોજેકટ માં સ્થાનીક ડો. રજનીબેન મૌલીક ભાઈ  પરીખ અને ડાયાટીશીયન  સલોની બેન ચૌહાણ ના વકતવ્ય નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનાર માં ડો.રજની બેન એ પોતાના વક્તવ્ય માં વિધાર્થિનીઓ ને Menstrual Hygiene ની અગત્યતા સમજાવતા ગર્ભાશય ના કેન્સર અંગે જાગૃતી લાવવાના હેતુ થી ગર્ભાશય ના કેન્સર સામે રક્ષણ આપતી વેક્સિન થી માહીતગાર કર્યા હતા જ્યારે ડાયાટીશન સલોનીબેન એ આહાર અને ખોરાક અંગે ની સચોટ માહિતી આપી હતી.પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન બને વક્તાઓ એ વિધાર્થિનીઓ ના વિવિધ પ્રશ્નો નો ન સંતોષકારક જવાબો આપ્યા હતા. વક્તવ્ય ના અંતે રોટરી રોયલ ના એક ક્લબ મેમ્બર્સ ( રો. કિંજલભાઇ બદાની) ના સહયોગ થી પ્રાપ્ત થયેલા સેનેટરી પેડ ( ઋતુમતી કીટ) નું T .B. JAIN GIRLS સ્કુલ ની ૮૫ વિધાર્થિનીઓ માં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ શ્રીમતી નિયતિબેન પંડ્યા ( EC MEMBER - MKBU) ના સહીયારા પ્રયાસો થી સફળતા પૂર્વક પાર પાડવા આવ્યો હતો. શાળા ના સંચાલકો એ આ MSP પ્રોજેક્ટ ને માટે રોટરી રોયલ ની કામગીરી ને બિરદાવી હતી. આ પ્રોજેક્ટ રોટરી ના ફોકસ એરિયા, " maternal and child health અંતર્ગત યોજવામાં આવ્યો હતો અને રોટરી નો પાયાનો સિદ્ધાંત " service above self " ને ખરા અર્થ માં સાર્થક કરવા માં આવ્યો હતો.










# શૈક્ષણીક ટૂર

## શ્રી બળવંત પારેખ વિજ્ઞાન નગરી

BASIC EDUCATION AND LITERACY

તા- ૪ જુલાઈ ને સોમવાર ના રોજ " તાપીબાઇ વિકાસ ગૃહ" ની અનાથ દીકરીઓ ને રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ભાવનગર માં આવેલી શ્રી બળવંત પારેખ વિજ્ઞાન નગરી ખાતે શૈક્ષણીક ટૂર કરવામાં આવી હતી. તાપીબાઇ વિકાસ ગૃહ ની કુલ ૩૧ દીકરીઓ ને  આ પ્રવાસ માં  સાયન્સ વિષય સાથે જોડાયેલ અવનવા પ્રયોગો, રહસ્યો, અને સાયન્સ વિષય પ્રત્યે અભિગમ કેળવા માટે આ તદ્દન અલગ અને નવો પ્રોજેક્ટ ક્લબ દ્વારા કરવામાં આવ્યો હતો.  આ ટૂર દરમ્યાન બે 3D Movie પણ બતાવવામાં આવી હતી. આ પ્રોજેકટ અંતર્ગત વિકાસ ગૃહ ની અનાથ વિધાર્થિનીઓ માં એક અલગ જ આનંદ જોવા મળ્યો હતો.  મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ ના સ્પાઉસ ઓ એ હાજર રહી દીકરીઓ સાથે પારિવારિક વાતાવરણ માં લાગણી અને હુંફ સાથે quality time પસાર કર્યો હતો.



# રેકોર્ડ બ્રેક વૃક્ષા રોપણ

ENVIRONMENT

### શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ, ભાવનગર



રોટરી કલબ ભાવનગર રોયલ તથા ભાવનગર જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા 'એક બાળ એક છોડ' બેનર હેઠળ સ્વનિર્ભર શાળા સંચાલક મહા મંડળ, ગુજરાત દ્વારા મહા મંડળના સંગઠન પર્વની ઉજવણી અંતર્ગત તારીખ 05-08-2025ને મંગળવારનાં રોજ સવારે 10:30 કલાકે સમગ્ર ગુજરાત રાજ્યની અસંખ્ય ખાનગી શાળાઓમાં એક સાથે રેકોર્ડ બ્રેક વૃક્ષારોપણ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યુ અને દરેક શાળાઓની અંદર તમામ વિદ્યાર્થીઓને ઘરે વૃક્ષા રોપણ માટે એક એક વૃક્ષ પણ આપવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓ અને શાળા પરિવારનાં સભ્યોએ વૃક્ષારોપણ અને તેના જતન માટે શપથ પણ લીધા હતા. આ સમગ્ર કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને ભાવનગર મ્યુન્સીપલ કમિશનર ડૉ.મીણા સાહેબ, શ્રી અવિનાશભાઈ પટેલ, ઉપાધ્યક્ષ, સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાત,શ્રી મનહરભાઈ રાઠોડ,મહામંત્રી સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાત, શ્રી પી.કે.મોરડીયા પ્રમુખશ્રી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-ભાવનગર, શ્રી વિપુલભાઈ ચૌહાણ મહામંત્રી શ્રી સ્વનિર્ભર શાળાસંચાલક મંડળ-ભાવનગર, ડૉ.શકીલભાઈ ચૌહાણ પ્રેસીડન્ટ  રોટરી કલબ ભાવનગર રોયલ, શ્રી કુલદિપભાઈ પંડ્યા,કોર્પોરેટર શ્રી,શહેર અને જીલ્લાનાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનાં અન્ય  હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ ભાવનગરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ,ભાવનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં જ્ઞાનગુરુ વિદ્યાપીઠનાં 1500થી વધુ વિદ્યાર્થીઓએ વૃક્ષા રોપણ કર્યું હતું અને સમગ્ર જીલ્લામાં 21000 હજાર થી પણ વધુ વૃક્ષોનું વૃક્ષા રોપણ તે સમયે કરવામાં આવ્યું હતું .સમગ્ર ગુજરાતમાં આજના દિવસે 3 લાખ કરતા વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કૃણાલભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, ભાવનગર હોદ્દેદારોએ તેમજ શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠનાં સભ્યો એ  ભારે જહેમત ઉઠાવી હતી.









# સ્પેશ્યલ બાળકો સાથે રક્ષાબંધન

MATERNAL AND CHILD HEALTH

## અંકુર શાળા, સરદારનગર

તા /૦૮/૦૮/૨૫ ને શુક્રવારે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ અને રોટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા અંકુર શાળા ખાતે રક્ષાબંધન પર્વ ની વિશિષ્ટ ઉજવણી, શાળા ના વિશિષ્ટ બાળકો ( spl able children) સાથે કરવામાં આવી હતી. છેલ્લા અનેક વર્ષો થી આપણી ક્લબ અંકુર શાળા ખાતે રક્ષાબંધન ની ઉજવણી કરતું આવ્યું છે ત્યારે આ વર્ષે પણ મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ ઓ એ હાજર રહી ખૂબ જ લાગણી સભર  પારિવારિક માહોલ માં વિશીષ્ટ બાળકો સાથે રક્ષાબંધન ની ઉજવણી કરી બાળકો સાથે સમય વિતાવ્યો હતો. આ ઉજવણી સાથે અનેક ભાવુકતા સભર દ્રશ્યો જોવા મળ્યા હતા.









# વૃક્ષા રોપણ

## ઇસ્કોન ઇલેવન ટાઉન શીપ

તા ૧૦ ઓગસ્ટ ને રવિવારે રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ, રોટરેક્ટ ક્લબ ઓફ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડીકલ કોલેજ, રોટરેક્ટ ક્લબ ઑફ ભાવનગર રોયલ તથા ઇન્ટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વૃક્ષારોપણ અભીયાન માં ભાવનગર શહેર ની ઇસ્કોન ઇલેવન ટાઉન શીપ ખાતે ૧૨૮ જેટલા વિવિધ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. ચાલુ રોટરી વર્ષ દરમ્યાન વિવિધ ફેઝ માં ચાલી રહેલા વૃક્ષારોપણ પ્રોજેકટ અંતર્ગત ઑગસ્ટ મહિનામાં ફેઝ -૪ સુધી નું કાર્ય મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ, રોટરેક્ટ મેમ્બર્સ, ઈન્ટ્રેક્ટ મેમ્બર્સ ની હાજરી માં સફળ બનાવવા માં આવ્યું હતું. આ સાથે આજ ના વૃક્ષારોપણ અભીયાન ના સહયોગી ક્લબ મેમ્બર્સ રો. ગીરીશ ભાઈ, રો. કિંજલ ભાઈ તથા સર્વે હાજર મેમ્બર્સ નો આભાર.આજ ના આ વૃક્ષારોપણ પ્રોજેકટ સાથે રો. ડો. ગીરીશ ભાઈ ની આગેવાની માં ઇસ્કોન ઇલેવન ટાઉન શીપ ને હરિયાળું બનાવનું કાર્ય સફળતા પૂર્વક પાર પાડવા આવ્યું હતું.









# રેપીડ ચેસ ટુર્નામેન્ટ

## જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સીટી

તા ૧૦ ઑગસ્ટ ને રવીવાર ના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ અને ભાવનગર ચેસ પ્લેયર્સ એસોસિયેશન ના સંયુક્ત ઉપક્રમે U -15 age રેપિડ ચેસ ટુર્નામેન્ટ નું સ્થાનીક GYANMANJARI INNOVATIVE UNIVERSITY ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ ને સવારે ૧૦:૦૦ કલાકે ક્લબ મેમ્બર્સ ની હાજરી માં ખુલી મૂકવામાં આવી હતી, જેમાં કુલ ૭૫ જેટલા U-15 સ્પર્ધકો એ ભાગ લીધો હતો. સવાર થી ચાલુ થયેલ ટુર્નામેન્ટ માં ચા - પાણી - જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.દરેક સ્પર્ધક ને કુલ ૭ ગમે રમવા મળી હતી. ટુર્નામેન્ટ ના અંતે અલગ અલગ ૫ કેટેગરી માં કુલ પ્રથમ દ્વિતિય અને તૃતીય એમ 3- 3 એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટ ના અંતે આમંત્રીત મહેમાન તથા ક્લબ મેમ્બર્સ ના હસ્તે વિજેતાઓ ને એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.આ ટુર્નામેન્ટ માં દરેક સ્પર્ધક ને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. આજ ની આ ચેસ ટુર્નામેન્ટ માં ૧૫ વર્ષ થી નાની વય ના બાળકો માં અનેરો ઉત્સાહ, આનંદ અને થનગનાટ જોવા મળ્યો હતો તેમજ નાની વય જૂથ ના સ્પર્ધકો માં પણ અમુક ગેમ્સ માં દીલ ધડક હાર જીત ના દ્રશ્યો સર્જાયા









# રેપીડ ચેસ ટુર્નામેન્ટ

## જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સીટી







હતા. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન નાના ભૂલકાંઓ માં ક્યાંક "પાયદળ" ને મારવાનો અનેરો આનંદ તો ક્યાંક " વજીર" ગુમાવવાનું દુઃખ હતું. એક વાત ખાસ ધ્યાન આકર્ષિત કરે તેવી એ હતી કે ૧૫ વર્ષ થી નાની વય ના સ્પર્ધકો માં પણ ગજબ ની ડિસિપ્લિન, શાંતિ, એકાગ્રતા, ધીરજ, સંયમ, અને અનેરું કૌશલ્ય જોવા મળ્યું હતુ.આમ, રોટરી રોયલ દ્વારા આ વર્ષ થી રમત ગમત વિભાગ માં એક નવી શરૂવાત ચેસ ટુર્નામેન્ટ સાથે કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ટુર્નામેન્ટ માટે નેશનલ લેવલ ની ટુર્નામેન્ટ સમકક્ષ Venue આપવા માટે ક્લબ મેમ્બર્સ રો. અવિનાશ ભાઈ પટેલ તથા સમગ્ર GMIU મેનેજમેન્ટ નો વિશેષ આભાર. સમગ્ર ટુર્નામેન્ટ ને સાકાર કરવા માટે સ્પોર્ટ ચેર રો. ડો. જાડેજા સાહેબ તથા સ્પોર્ટ કો - ચેર રો. અર્જુનભાઈ નો પણ વિશેષ આભાર. આ સાથે આ ટુર્નામેન્ટ માં મોટી સંખ્યામાં માં હાજર રહી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા બદલ દરેક ક્લબ મેમ્બર્સ, રોટરેક્ટ મેમ્બર્સ નો પણ અત્રે વિશેષ આભાર.આજ ની રોટરી રોયલ ની રમત ગમત વિભાગ ની ચેસ ટુર્નામેન્ટ સાથે ની નવી શરૂવાત માટે સર્વે મેમ્બર્સ ને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.



MATERNAL AND CHILD HEALTH

# મલ્ટી વિટામીન સીરપ વિતરણ

MATERNAL AND CHILD HEALTH

## સર ટી હોસ્પિટલ, ભાવનગર

તા - ૨૪ ઑગસ્ટ રવીવાર ના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા Teachers Training ના એક વિષેશ પ્રોજેકટ નું સ્થાનીક "સમત્વ સ્કૂલ" ખાતે આયોજન કરવામાં આવ્યું હતું .કાર્યક્રમ ની શરૂવાત માં રજિસ્ટ્રેશન સાથે અલ્પાહાર નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શરૂવાત માં રો. ચેતન ભાઈ એ તેમના પ્રાસંગિક ઉદબોધન માં સર્વે શિક્ષકો તથા મહેમાનો અને વક્તાઓ ને આવકાર્યા હતા જ્યારે રો. ગીરીશ ભાઈ એ રોટરી વિશે ની માહિતી આપી હતી અને આ પ્રશિક્ષણ પ્રોજેકટ માટે રોટરી નો હેતુ પોતાના ઉદબોધન માં સમજાવ્યો હતો.આ પ્રોજેકટ અંતર્ગત ભાષા ના શિક્ષકો માટે ૨ અલગ અલગ વક્તવ્યો રાખવામાં આવ્યા હતા. જુદી જુદી શાળા ના કુલ 35 જેટલા શિક્ષકો આ પ્રોજેકટ માં હાજર રહ્યા હતા. વક્તા તરીકે ડો. મહેન્દ્ર સિંહ પરમાર તથા ડો. બળવંતભાઇ તેજાણી એ પોતાની આગવી શૈલી માં ખૂબ જ સુંદર વક્તવ્યો આપ્યા હતા. બંને વક્તાઓ એ ભાષા ના શિક્ષકો ને માત્ર ભાષાઓ જ ભણવાની નથી પરંતુ વિધાર્થીઓ માં પ્રમાણિકતા , નૈતિકતા, અને જીવન ના મૂલ્યો કઈ રીતે ઉમેરવા અને વિધાર્થીઓ ને સમાજ ઉપયોગી પાયા નું ઘડતર કઈ રીતે પૂરું પાડવું તે પણ ઊંડાણ પૂર્વક સમજાવ્યું હતું.કાર્યક્રમ ના અંતે હાજર સર્વે શિક્ષકો ને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા તથા કાર્યક્રમ ના બને વક્તા ઑ ને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ ના અંતે હાજર રહેલા તમામ શિક્ષકો એ રોટરી રોયલ ના આ ઉમદા પ્રોજેક્ટ ને બિરદાવ્યો હતો તેમજ ભાષા ઉપરાંત અન્ય વિષય ના શિક્ષકો માટે પણ એવા પ્રશિક્ષણ કાર્યક્રમ રાખવા અનુરોધ કર્યો હતો.આ સમગ્ર પ્રોજેકટ ને સફળ બનાવવા માટે લિટ્રેસી ચેર રો. ચેતન ભાઈ તથા તેમની ટીમ એ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રોજેકટ માં રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ના મેમ્બર્સ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.આ તબક્કે રો. ચેતનભાઈ ટાંક નો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવે છે.










# યુથ આઇકોન એવોર્ડ

બેસિલ પાર્ક હોટેલ, ભાવનગર




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા આજ રોજ તા ૧૨ ઑગસ્ટ - ઇન્ટરનેશનલ યુથ દિવસ નિમિતે ભાવનગર શહેર અને ભાવનગર જિલ્લા ના વિવિધ ક્ષેત્રો માં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર અને અન્ય લોકો માટે પ્રેરણા રૂપ ૭ વિશિષ્ટ યુવા પ્રતિભાઓ ને રોયલ યુથ આઇકોન એવોર્ડ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતી.આ સાથે રોટરી રોયલ દ્વારા એક અનોખી નવી પહેલ યુવા વર્ગ ને પ્રોત્સાહીત કરી કરવામાં આવી હતી.યુવા વર્ગ ના પ્રેરણામૂર્તિ એવા ભાવનગર ના યુવરાજ સાહેબ શ્રી જયવીરાજસિંહજી આ રોયલ યુથ આઇકોન એવોર્ડ સમારોહ ના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને યુવરાજ સાહેબ શ્રી જયવીરાજસિંહજી ના વરદ્ હસ્તે આ ૭ વિશિષ્ટ પ્રતિભાઓ ને એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.અલગ અલગ ક્ષેત્રો ના અને ૩૦ વર્ષ થી નાની વય ના યુવા પ્રતિભાઓ ને શિક્ષણ, રમત ગમત, રંગ મંચ, સંગીત, સામાજિક ક્ષેત્ર, સ્ત્રી સશકિતકરણ, વિશેષ કાળા (spl arts ), ટેકનોલોજી માં તેમની વિશેષ સિદ્ધિ અને યોગદાન માટે એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.ખૂબ મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ ની હાજરી માં આ એવોર્ડ સેરીમની યોજાઈ હતી. ક્લબ મેમ્બર્સ રો. ગૌરવ ભાઇ સંકલ્પીત આ youth icon award સાથે રોટરી રોયલ દ્વારા યુવાનો માટે એક તદ્દન નવી શરૂવાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન રો. હરેશ ભાઈ એ પોતાની આગવી શૈલી માં કર્યું હતું. યુવરાજ સાહેબ શ્રી જયવીરાજસિંહજી એ પોતાના પ્રેરક ઉદ્બોધન માં રોટરી રોયલ ની આ નવી શરૂવાત ને બિરદાવી હતી તેમજ રોટરી રોયલ ની અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવ્યા હતા.સાત યુવા પ્રતિભાઓ ની વિગત નીચે મુજબ છે.




૧- પ્રાચી ત્રિવેદી - શક્ષણિક ક્ષેત્ર
૨- કૃષ્ણપાલ સિંહ - રમત ગમત
૩ - પ્રિયલ ભટ્ટ - સ્ત્રી સશકિતકરણ
૪ - ધ્વનિ રાજ્યગુરુ - સ્ત્રી સશકિતકરણ
૫- પુનિત પુરોહિત - કલા અને રંગમંચ
૬- રુચિર ચુડાસમા - ટેક્નોલોજી
૭- યશ્રી ભટ્ટ - સંગીત અને કલા

# યુથ આઇકોન એવોર્ડ

બેસિલ પાર્ક હોટેલ, ભાવનગર

કાર્યક્રમ ના અંતે અતિથિ વિશેષ અને મુખ્ય મહેમાન એવા યુવરાજ સાહેબ , શ્રી જયવીરરાજ સિંહ જી ને ક્લબ મેમ્બર્સ રો.ગિરિશ ભાઈ ના હસ્તે સ્મૃતિ ચિન્હ મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા અને આભાર વ્યક્ત કરવા માં આવ્યો હતો.સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ગૌરવ ભાઈ, ધર્મવિરસિંહ , ચિરાગ ભાઈ, વૈભવ ભાઈ, વિવેક ભાઈ, હરી ભાઈ, હરેશ ભાઈ, હિરેન ભાઈ , મનહર ભાઈ, ડો. પવાર સાહેબ તથા અન્ય ક્લબ મેમ્બર્સો એ ભારે જહેમત ઉઠાવી હતી અને રોટરી રોયલ ની નવી શરૂવાત ને દીપાવી હતી.

















DISEASE PREVENTION AND TREATMENT

# કિશોરીઓની કેર

## ટી.બી. જૈન સ્કુલ

તા ૨૬ ઓગસ્ટ ને મંગળવારે  શહેર ની ખ્યાતનામ શામળદાસ આર્ટ્સ કોલેજ ખાતે વિધાર્થિનીઓ માટે એક તદ્દન અલગ અને રસપ્રદ સેમીનાર નું આયોજન રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિધાર્થિનીઓ ની કિશોરાવસ્થા ને ધ્યાન માં રાખી, Menstrual Hygiene અને ગર્ભાશય ના કેન્સર ના વેક્સીનેશન નું મહત્વ સમજાવતા આ પ્રોજેકટ માં સ્થાનીક ડો. રજનીબેન મૌલીક ભાઇ  પરીખ ( MD. GYN) ના વકતવ્ય નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનાર માં ડો.રજની બેન એ પોતાના વક્તવ્ય માં વિધાર્થિનીઓ ને Menstrual Hygiene ની અગત્યતા સમજાવતા ગર્ભાશય ના કેન્સર અંગે જાગૃતી લાવવાના હેતુ થી ગર્ભાશય ના કેન્સર સામે રક્ષણ આપતી વેક્સિન થી માહીતગાર કર્યા હતા. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ડો. રજનીબેન એ વિધાર્થિનીઓ ના વિવિધ પ્રશ્નો ના સંતોષકારક જવાબો આપ્યા હતા. આ પ્રોજેકટ શ્રીમતી નિયતિબેન પંડ્યા ( E C MEMBER - M K B U ) ના સહીયારા પ્રયાસો થી સફળતા પૂર્વક પાર પાડવા આવ્યો હતો. કોલેજ ના સંચાલકો એ આ MSP પ્રોજેક્ટ ને માટે રોટરી રોયલ ની કામગીરી ને બિરદાવી હતી. શામળદાસ આર્ટ્સ કોલેજ ની કુલ ૨૦૦ જેટલી વિધાર્થિનીઓ વક્તવ્ય માં હાજર રહી હતી અને મૂંઝવતા પ્રશ્નો નું સમાધાન મેળવ્યું હતું. આ પ્રોજેકટ રોટરી ના ફોકસ એરિયા, " maternal and child health અંતર્ગત યોજવામાં આવ્યો હતો અને રોટરી નો પાયાનો સિદ્ધાંત " service above self " ને ખરા અર્થ માં સાર્થક કરવા માં આવ્યો હતો. બહોળી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ અને સ્પાઉસ ઓ એ હાજર રહી પ્રોજેકટ ને સફળ બનાવ્યો હતો.











# Family Fellowship

Mount Shadow, Bhandariya

વર્ષ ૨૦૨૫-૨૬ ની રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ની પ્રથમ ફેલોશિપ તા ૩૧ ઓગસ્ટ ને રવીવાર ના રોજ " માઉન્ટ શેડો " ખાતે યોજાઇ હતી.  ભાવનગર નું માઉન્ટ આબુ હિલ સ્ટેશન ગણાતા માઉન્ટ શેડો ના રમણીય અને પ્રકૃતિક વાતાવરણ માં ખૂબ મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ પોતાના ફેમીલી સાથે આ ફેલોશિપ માં જોડાયા હતા. સમગ્ર ફેલોશિપ ના સહયોગી ક્લબ મેમ્બર્સ રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા એ ફેલોશિપ માં આનંદ અને મનોરંજન માટે મોટા પાયે તૈયારીઓ કરી હતી.   આ ફેલોશિપ માં અતિથિ વિશેષ તરીકે આપણી ક્લબ ના ઓનરરી મેમ્બર્સ અને IPDG રો. તુષાર ભાઈ અને નેહલબેન ઉપસ્થિત રહ્યાં હતાં. ગત રોટરી વર્ષ દરમ્યાન આપણી ક્લબ ના જે મેમ્બર્સ PHF થયા હતા તે સર્વે ને આ ફેલોશિપ માં રો. તુષારભાઈ ના વરદ્ હસ્તે PHF પીન અને સર્ટિફિકેટ થી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહ માં રો.તુષાર ભાઈ સાથે IPP રો. હરી ભાઈ, રો. વિરલ ભાઈ , અને રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા પણ સાથે જોડાયા હતા. તદ્ઉપરાંત પ્રેસિડેન્ટ રો. શકીલ ભાઈ દ્વારા ફેલોશિપ માં હાજર સર્વે માટે ક્લબ મેમ્બર રો.ડો. દેવાંગ પવાર સાહેબ ના વાઇફ ને વિવિધ ફન ગેમ્સ રમાડવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પૂર્વી બેન દેવાંગ ભાઈ પવાર એ વિવિધ બાળકો ની રમતો, કપલ ગેમ્સ અને વિવિધ મનોરંજન પ્રવૃતિઓ કરવી હતી. ફેલોશિપ ના સંગીત વિભાગ માં રો.ડો.જાડેજા સાહેબ એ પોતાના મધુર અવાઝ માં કરાઓકે પર અનેક ગીતો ગાયા હતા જેમાં ક્લબ મેમ્બર્સ ખૂબ જ ઝૂમી ઊઠ્યા હતા તથા ડાન્સ નો આનંદ માણ્યો હતો. આ ઉપરાંત ફેલોશિપ માં ક્લબ મેમ્બર્સ ઓ એ ફોટોગ્રાફી, સેલ્ફી, રીલ, કપલ ડાન્સ, કપલ ગેમ્સ વિગેરે ની મજા માણી હતી. આ ફેલોશિપ માં મોટી સંખ્યામાં માં ઈન્ટ્રેક્ટ મેમ્બર્સ, રોટ્રેક્ટ મેમ્બર્સ પણ જોડાયા હતા અને આનંદ માણ્યો હતો.મિત્રો,  ખાસ જાણવાનું કે ફેલોશિપ માં લાંબા આંતરિયાળ બાદ spouse મોટી સંખ્યામાં એક બીજા ને મળ્યા હોવાથી એક બીજા સાથે અલક મલક ની વાતો કરી ભરાઇ ગયેલું હૈયું હળવું કર્યું હતું અને ફરી પાછા સ્વસ્થ બન્યા હતા.   અંત માં D.J સાઉન્ડ ના સથવારે ક્લબ મેમ્બર્સ પણ ખૂબ નાચ્યાં હતા અને ભાવુક બન્યાં હતાં.અંત માં પ્રેસિડેન્ટ રો. શકીલ ભાઈ એ સર્વે સ્પર્ધા ઓ ના વિજેતાઓ ને ઇનામો આપી સન્માનીત કર્યા હતા.આ સાથે રોટરી રોયલ ની આ ફેલોશિપ ને સફળ અને સાકાર કરવા બદલ રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા નો ખૂબ ખૂબ આભાર . રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા ની ક્લબ માટે ની લાગણી અને ભાવના ખરેખર બિરદાવા યોગ્ય અને પ્રેરણા દાયક છે.







Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# Meetings

Date: 06/08/2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting





Date: 12/08/2025
Time: 08:30 pm
Place: Basil Park Hotel
Club Meeting with Youth Icon Award Fellowship

Date: 20/08/2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting





Date: 26/08/2025
Time: 08:30pm
Place: Sugar & Spice Restaurant
Board Meeting

Date: 31/08/2025
Time: 04:30 pm
Place: Mount Shadows, Bhandariya
Family Fellowship



# Birthday & Anniversary

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| Rtn. Rushabh Lashkari | 01 Aug |
| Rtn. Hasnain Virani | 07 Aug |
| Rtn. Dr. Girish Patel | 09 Aug |
| Rtn. Nirav Doshi | 13 Aug |
| Rtn. Milan Shah | 16 Aug |
| Rtn. PDG Prashant Jani | 22 Aug |
| Rtn. Jignesh Vanra | 30 Aug |



# Congratulations

Proud moment for Rotary Club of Bhavnagar Royal! We are delighted to announce the induction of two new Interact Clubs under our wings. Wishing them great success in serving society and creating young leaders of tomorrow!"Heartily Congratulations

1. Interact club of Samatva
2. Interact club of Morchand



Interact

Certificate of Organization

This certificate recognizes that

the Interact Club of Samatva

Club ID 232392 Established 15 July 2025

has been organized and has agreed, through its officers and members, to be bound by the constitution and bylaws of the Interact program of Rotary International.

Sponsored by

The Rotary Club of Bhavnagar Royal

PRESIDENT(S), SPONSORING CLUB(S)

DATE

PRESIDENT, ROTARY INTERNATIONAL

30 July 2025

DATE

647I-EN—(624)



Interact

Certificate of Organization

This certificate recognizes that

the Interact Club of Morchand

Club ID 232393 Established 15 July 2025

has been organized and has agreed, through its officers and members, to be bound by the constitution and bylaws of the Interact program of Rotary International.

Sponsored by

The Rotary Club of Bhavnagar Royal

PRESIDENT(S), SPONSORING CLUB(S)

DATE

PRESIDENT, ROTARY INTERNATIONAL

30 July 2025

DATE

647I-EN—(624)

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD





BEST EDUCATIONAL INSTITUTES OF BHAVNAGAR

GyanGURU VIDHYAPITH
જ્ઞાનગુરુ વિદ્યાપીઠ
કાળીયાબીડ • 6351210821

SHREE GyanGURU VIDHYAPITH
શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ
કાળીયાબીડ • 9978202192

MgT Quality education
મનહર ગ્રુપ ટ્યુશન
કાળીયાબીડ • 2562192

MgT - GyanGURU
Education Hub
Helpline No 9978202192
Nursery to Std. 1 to 12
(Sci. / Com. / Arts)
Gujarati / English Medium

GLOBAL KIDZ Preschool
The Global way to learn...
Global Play • Global Nr. • Global Jr. • Global Sr.
Kalvibid • 9978202192

THE GLOBAL GyanGURU SCHOOL
Kalvibid • 2571071

MgT Quality education
મનહર ગ્રુપ ટ્યુશન
ઘોઘાસર્કલ • 9173956219